**વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત**

નવી બાબત :- ૨૦૧૬-૧૭ રૂ.૧૩.૦૦ લાખ ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ માટે વાહન ખરીદવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૬/ન.બા.૧૯/૮૬૪૩૯૮/ઘ.

સચિવાલય , ગાંધીનગર.

તા.૨૧/૦૪/૨૦૧૬.

**વંચાણે લીધા :-**

(૧) કમિશ્નર,આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૭/૧૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:આવિ /અગન/ ન.બા.ઙ.બોર્ડ-૯૬/૨૦૧૫-૧૬/૧૦૦૫.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૧૨ નો યાદી ક્રમાંક : ટીડીસી /૧૦ /૨૦૧૧ /ન.બા.૧૦ /ઘ.

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા.૨૪/૦૯/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક:જીટીએસ /૧૦૨૦૦૬ /યુઓ-૮/ઘ

**આમુખ :-**

ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ અતિ ગરીબ ભુમિહીન મજુરો અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વસ્તી આદિજુથની હળપતિ ,જનજાતિ માટે ગૃહનિર્માણની પ્રવૃત્તિમાં જોડાયેલ છે. બોર્ડને વિવિધ કામગીરી અંતરીયાળ વિસ્તારમાં કરવાની રહે છે. જેમ કે અંતરીયાળ વિસ્તારમાં બંધાતા મકાનોનું નીરીક્ષણ કરવું. ગાંધીનગર કચેરી ખાતે હાજર રહેવું, વગેરે બોર્ડમાં સરકારશ્રી દ્વારા અધ્યક્ષશ્રીની નિમણુંક પણ કરવામાં આવેલ છે.બાંધકામની કામગીરીમાં ખૂબ જ વધારો કરી વધુ નાણાંની ફાળવણી કરવામાં આવેલ છે. બોર્ડ પાસે હાલમાં પેટા કચેરીઓ સુરત અને વલસાડમાં એક પણ વાહન ઉપલબ્ધ નથી. વાહનને ભાડે રાખવામાં આવે તો ખર્ચ વધુ થાય તેમ છે.

આમ , ઉપરોક્ત સંજોગોમાં ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ તરફથી સંદર્ભ(૧)નાં વંચાણે લીધેલ પત્રથી નવું વાહન ખરીદવા માટે રૂ.૧૩.૦૦ લાખ/- ની જોગવાઈ વર્ષ ૨૦૧૬-૧૭ ના બજેટમાં કરવા દરખાસ્ત કરવામાં આવી હતી.

સદરહું કામનો સમાવેશ વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટમાં કરવા માટે દરખાસ્તને તા.૧૫/૧૨/૨૦૧૫ના રોજ મા.મંત્રીશ્રી(આ.વિ) દ્વારા સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે અને વર્ષ ૨૦૧૬-૧૭ ના વર્ષના બજેટ પ્રકાશન નં.૧૯,પાન નં.૧૧૧ ઉપર સદરહુ વાહનની ખરીદી માટે રૂ.૧૩.૦૦ લાખની જોગવાઈ સાથે આ કામનો સમાવેશ કરવામાં આવેલ છે.

**ઠરાવ :-**

ઉપરોક્ત હકીકતે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડને નીચે જણાવેલ શરતોને આધીન વાહનની ખરીદી માટે રૂ.૧૩.૦૦ લાખની નવી સેવાની દરખાસ્તને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૦૮ ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ધ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૭) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં. તેમજ બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

(૮) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૯) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનાં તા.૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની વિભાગને જવાબદારી રહેશે.

(૧૦) વાહનની ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, ટીએએસપી, પેટા સદર:૨૯ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૦૭/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે.પટેલ)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

E:\gh-3\G.R.2016-17\PRC-102016-N.B.19-GH.docx

- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરત, વલસાડ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.